ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### ગાડીની અપર ડિપર લાઈટ મારવા બાબતે ૫ ઈસમોએ ભેગા થઈને બે યુવાનોને મારમાર્યો

# શ્રીપોરટીંબી ગામમાં યુવકને મારમારી સોનાની ચેન લૂંટનારા પાંચની અટકાયત

**આરોપીઓના** સોમવાર સુધી રિમાન્ડ મંજુર



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.1
શ્રીપોરટીમ્બી ગામે ગાડીની અપર ડીપર લાઈટ મારવા બાબતને લઈને પાંચ ઈસમોએ ભેગા થઈને બે યુવાનોને ઢોર માર મારીને એક યુવકની ચેઈન લૂંટી લઈ ત્યાંથી ફરાર થઈ જતાં સમગ્ર મામલે વાઘોડિયા પોલીસે પાંચ ઈસમોની ઓળખ કરી અટકાયત કરી છે વડોદરા શહેરના બાપોદ જકાતનાકા એકદંત ફ્લેટમાં રહેતા 26 વર્ષીય જીલ જીતેન્દ્રકુમાર પટેલને ગત તા. 24 ડિસેમ્બરે રાત્રે ફોર વ્હિલરમા મિત્ર પવનભાઈ સાથે શ્રીપોર ટીમ્બી ગામે જે.પી.ગ્રીન સોસાયટી વચ્ચેથી પસાર થતાં હતાં ત્યારે સામેથી આવતી કાળા કલરની શિફ્ટ ગાડીને અપર ડીપર લાઈટ મારતા જે.પી.ગ્રીન સોસાયટી આગળ કાળા કલરની શિફ્ટ ગાડી જીલ પટેલની ગાડી આગળ લાવી થોભાવી હતી.જે બાદ કાળા કલરની ગાડીમાંથી પાંચ ઈસમો જીલ પટેલ પાસે આવી ગાડીની ચાવી કાઢી લઈને "તુને ગાડી કી ડીપર ક્યૂ લગાઈ, એ ગાડી કીસકી હે", તેવુ કહિ જીલ પટેલ અને તેના મિત્રને પટ્ટાવડે માર મારવાનો શરૂ કર્યો હતો."તું આજવા ચોકડી આવ તને બતાવી દઉ મારૂ નામ સન્ની રાજપૂત છે આજે તો તને જાનથી મારી નાખીશ " કહીને જીલ પટેલની સોનાની ચેઈન લૂંટીને પાચેય ઈસમો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે વાઘોડિયા પોલીસ મથકે ફરીયાદ થતા પોલીસે સન્ની રાજેશ કુમાર રાજપૂત(22) ભાગ્યલક્ષ્મી ટાઊન શીપ, આજવા રોડ, વડોદરા અને તેની સાથેના ચાર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તેવોની અટકાયત કરી કોર્ટ સમક્ષ રજુ કરતા કોર્ટે પાંચ દિવસના સોમવાર સુધી મંજુર કર્યા છે. પોલીસે ઘટનાનુ રિકન્સ્ટ્કશન કરી ગુનાના કામે વપરાયેલ કાળા કલરની શિફ્ટગાડી તપાસ અર્થે કબ્જે કરી છે.ફરીયાદિની સોનાની ચેન આશરે ૩૯ ગ્રામ જેની આશરે કિંમત ૪.૫૦ લાખ આરોપીઓ પાસેથી રિકવર કરવા પોલીસે પુછપરછ હાથ ધરી છે.પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર, આ શખસો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેમના વિરૂદ્ધ અનેક ગુના નોંધાયેલા છે.

### મોડીરાતે સગીરાનુ મોંઢુ દબાવી દુષ્કર્મ કર્યુ

# વાઘોડિયામાં સગીરા પર દુષ્કર્મના આરોપીની પોલીસે કરી અટકાયત

**પોલીસે ગણતરીના** કલાકોમા આરોપીની કરી અટકાયત



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.1
ટાઊનમાં 15 વર્ષ અને પાંચ મહિનાની સગીરા પર યુવકે દુષ્કર્મ ગુજાર્યાની પરિવારે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ગણતરીના કલાકમાં અટકાયત કરી છે. તારીખ 29 ડિસેમ્બર 2025ના મધરાત્રીએ આરોપી કિશન રમણભાઈ દેવીપૂજક (રહે. નાની દમન કોલેજ ફળીયુ, દુણેઠા , દમન મૂળ, રહે સાધલી તા.શિનોર જી. વડોદરા) નાઓ વાઘોડિયા ખાતે બર્થડે પાર્ટીમા આવ્યા હતા. ઉત્તરાયણ આવતી હોવાથી રેલ( દોરો ) રંગવા રાતે રોકાયો હતો.
મધરાત્રિના સમયે આરોપીએ અંધારાનો લાભ લઈ નિંદરમાં સૂતેલી 15 વર્ષ 5 મહિનાની સગીરાનું મોઢું દબાવી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યુ હતુ.દુષ્કર્મનો ભોગ બનેલ સગીરા ઊદાસ ઊદાસ રહેવા લાગતા પરીવારે પુછપરછ કરતા સગીરાએ પોતાની સાથે બનેલી ઘટના માતાને કહેતા માતાએ પરીવાર સાથે વાતચીત કરી અંતે ભોગ બનનાર સગીરા સાથે વાઘોડિયા પોલીસ મથકે પહોંચી આરોપી કિશન દેવીપૂજક સામે ફરિયાદ નોંધાવી હતી.
જે બાદ ઘટનાની ગંભીરતા જોતા પોલીસે ગણતરીના કલાકોમા આરોપીની પોસ્કો અને દુષ્કર્મના ગુનામાં અટકાયત કરી છે. પોલીસે સગીરા તેમજ આરોપીનુ મેડિકલ ચેકઅપ કરવાની તજવીજ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### શિનોર તાલુકાના દિવેર ગામે લોકગાયક કમલેશ બારોટે રમઝટ બોલાવી



**શિનોર,** શિનોર તાલુકાના દિવેર ગામે માં મેલડી ગ્રુપ દ્વારા આયોજિત ભવ્ય લોક ડાયરામાં ટીમલી ટાઈગર તરીકે જાણીતા લોક ગાયક કમલેશ બારોટે પોતાની ટીમ સાથે ભારે રમઝટ બોલાવી હતી. શિનોર તાલુકાના દિવેર ગામે માં મેલડી ગ્રુપ દ્વારા તારીખ 31મી ડિસેમ્બરના રોજ છઠ્ઠા ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરામાં ટીમલી ટાઈગર લોક ગાયક કમલેશભાઈ બારોટ, લોક ગાયક અજય વસાવા તેમજ લોક ગાયિકા ઉષા પઢિયારે પોતાના મધુર સૂરે ભજનો અને લોકપ્રિય ગુજરાતી ટીમલી ગીતોની રમઝટ જમાવી હતી. ડાયરામાં રજૂ થયેલા લોકસંગીત અને ટીમલીના તાલે સમગ્ર માહોલ ઝૂમી ઉઠ્યો હતો. આ લોક ડાયરામાં શિનોર પંથક સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી અને ડાયરાની મોજ માણી હતી.

### કુરાલ પ્રા . શાળામાં દેશનેતાઓ વિષયક વક્તૃત્વ સ્પર્ધાનું સફળ આયોજન



**પાદરા,** વિદ્યાર્થીઓમાં દેશના મહાન નેતાઓ પ્રત્યે જાગૃતિ આવે તેમજ તેમની આંતરિક શક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર કુરાલ પ્રાથમિક શાળામાં દેશનેતાઓ વિષયક વક્તૃત્વ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના અંદાજે બાર જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વક્તૃત્વ કળાનો પ્રભાવશાળી પરિચય આપ્યો હતો. સ્પર્ધાના અંતે માનસીબેન મહેશભાઈ રોહિતે ઉત્તમ અને આત્મવિશ્વાસભર્યા વક્તૃત્વ દ્વારા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે વિધિબેન ભાવેશભાઈ પટેલે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું અને કૃપાલીબેન અનિલભાઈ પરમારે ત્રીજો ક્રમ હાંસલ કર્યો હતો. આ પ્રસંગે શાળાના મુખ્ય અધ્યાપક ધર્મેશભાઈ જાંબુએ જણાવ્યું હતું કે, "આવી શૈક્ષણિક તથા સહપાઠ્ય પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ તેમજ દેશભક્તિની ભાવના વિકસે છે." કાર્યક્રમનું સુચારુ આયોજન શિક્ષિકા શીલાબેન દરજી દ્વારા કરાયું હતું. વિજેતા તેમજ તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### છોટાઉદેપુર આરટીઓ કચેરી ખાતે માર્ગ સલામતી માસની શરૂઆત કરવામાં આવી




**છોટાઉદેપુર,** છોટાઉદેપુરના એકલબારા ખાતે આવેલી જિલ્લા આરટીઓ કચેરી પર જિલ્લા આરટીઓ કચેરી તથા જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસની શરૂઆત જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝભાઈ શેખના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. હાલમાં વધતો જતો ટ્રાફિક અને વધતા જતા વાહનોને ધ્યાનમાં લઈ આરટીઓ સહિત પોલીસ વિભાગ ખુબજ સક્રિય પણે ફરજ બજાવી રહ્યો છે. ત્યારે છોટાઉદેપુર આરટીઓ કચેરી ખાતે યોજાયેલ માર્ગ સલામતી માસની શરૂઆતના કાર્યક્રમમાં નાગરિકોને માર્ગની સલામતી અને આરટીઓના નિયમો બાબતે જાગૃત કરવામાં આવ્યા હતા અને જાણકારી આપવામાં આવી હતી. યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝભાઈ શેખ, આરટીઓ અધિકારી એ.આઈ.પરમાર, આરટીઓ કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. યોજાયેલ કાર્યક્રમમાં નવા વર્ષની સૌને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# પાદરામાં સંયુક્ત ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



(પ્રતિનિધિ) પાદરા, તા.1
પાદરા ચોકસી મહાજન મંડળ, બંગાળી એસોસિયેશન તેમજ અફીણવાળા ખાચા વેપારી-કારીગર મિત્ર મંડળ દ્વારા સંયુક્ત રીતે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પાદરા-વડોદરા રોડ પર આવેલ હેલિપેડ મેદાન ખાતે યોજાયેલ આ ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો.
આ ટુર્નામેન્ટ દરમિયાન ક્વાર્ટર ફાઈનલ, સેમિફાઈનલ અને ફાઈનલ સહિત કુલ આઠ મેચો રમાડવામાં આવી હતી. જેમાં રોમાંચક ફાઈનલ મેચમાં પધરાઈ ઈલેવનએ વિજય હાંસલ કર્યો હતો. વિજેતા ટીમને રમણભાઈ પટેલ, ગીરીશભાઈ ચોકસી અને જયેશભાઈ ગાંધીના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન મંડળના પ્રમુખ સૂર્યકાંતભાઈ, ઉપપ્રમુખ નિકુંજ ચોક્સી અને શિલ્પન ચોક્સી સહિતના હોદ્દેદારોના માર્ગદર્શન અને મહેનતથી સફળ બન્યું હતું. ટુર્નામેન્ટ દરમિયાન અંદાજે 300 જેટલા કારીગર અને વેપારી મિત્રો માટે ચા-નાસ્તા તેમજ લંચની વ્યવસ્થા કરવામાં આવી હતી.
મેચ દરમિયાન સતિષભાઈ ચોકસી, સુધીરભાઈ ચોક્સી, વામન જાદવ, હાર્દિકભાઈ ચોકસી, રૂપેશ સોની, મનીષ પાટડીયા, નિકુંજ શાહ સહિત સોની સમાજના વેપારીઓ તેમજ મરાઠા, મરાઠી અને બંગાળી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# ડભોઈ નગરમાં ઉતરાયણ પર્વને લઈ પતંગો અને દોરાની દુકાનો મંડાઈ



(પ્રતિનિધિ) ડભોઇ, તા.1
ઉતરાયણ પર્વને લઈ ડભોઈના બજારમાં દોરા,પતંગ અને તૈયાર તલ,ગોલચીકી,મમરાના લાડુ ,રાજગરા ના લાડુ વેચાણ માટે આવી ગયા છે.જેની દુકાનો અને ફરતી લારીઓ પર થી લોકો ખરીદી કરી રહ્યા છે.કપડા, શાકભાજી અને અનાજ ના વેપારીઓ ને ત્યા પણ ખરીદી માટે લોકો ની ભીડ જોવા મળી રહી છે.ડભોઈ ના બજાર લોકો ની અવર જવર થી ભરચક બનતા વેપારીઓ મા ખુશી જોવા મળી હતી.ગતવર્ષ કરતા પતંગ દોરા ના ભાવો મા પણ 20 ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે.
ઉતરાયણ પર્વ ને લઈ જાતભાત ની પતંગો ડભોઈ ના બજારો મા વેપારીઓ ધ્વારા ગ્રાહકો ને આકર્ષવા માટે લટકાવી દુકાનો મા પતંગો ને ખૂબ જ ચીવટતા પુર્વક ગોઠવણી કરી પતંગ જોતા જ ગ્રાહકને ખરીદીનું મન થાય તે રીતે જમાવી દીધેલ હોય રીલો ના તૈયાર ફીરકા, સૂતવાનું કામ પણ શરૂ કરાયું છે. તેમજ પીપોડા, ચશ્મા, ચાઈનીઝ ટોપીઓ,અને આંગળી પર લગાડવા માટે ની તબીબી પટ્ટીઓ સહીત પતંગોત્સવ ની ઉજવણી કરવા માટેની પૂરતી વ્યવસ્થા દુકાનદારોએ કરેલ હોય દુકાનો મા ખરીદી અર્થે આવતા ગ્રાહકો મોટાપાયે પતંગો,રીલો ઉપરાંત ગોગલ્સ, ચાઈનીઝની આકર્ષક ટોપીઓ અને પતંગના પેચને પીપોડા વગાડી ઉતરાયણ પર્વ ને વધાવવા માટે ની તૈયારીઓ જોવા મળી હતી.ચાઈનીઝ પ્રતિબંધીત ઘાતક રીલોના વેચાણ સામે દેશી રીલો નુ વેચાણ પણ એટલાજ પ્રામણમાં જોવા મળ્યુ હોય ચાઈનીઝ રીલો સામે દેશી રીલો, તૈયાર ચરખાની સ્થાનિક ગ્રાહકોએ મોટાપાયે ખરીદી કરતા ચાઈનીઝ દોરી વેપારીઓ ના માથે પડતી સમસ્યા પૂરવાર થઈ રહેલ સાબિત થતી જણાઈ રહી છે.પતંગ બજાર મા દેશીરીલો અને રંગબેરંગી કાગળ ની અવનવી ડીઝાઈનો મા તૈયાર થયેલ પતંગોની ખરીદી તરફે ગ્રાહકો વધુ રસ દાખવી રહ્યા છે. આમ ઉતરાયણ પર્વે બજારોમાં ઉતરાયણ પર્વ ને લઈ વેપારીઓ પતંગ બજાર સજાવી રહ્યા છે.

### દાહોદ જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગ ઉત્કૃષ્ઠ કામગીરી

# દાહોદમાં પોષણ ટ્રેકર એપમાં 1.33 લાખ નવા લાભાર્થીની નોંધણી કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.1
દાહોદ જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ઓગસ્ટથી ડિસેમ્બર માસ દરમ્યાન પોષણ ટ્રેકર એપ્લિકેશનમાં લાભાર્થીઓની નોંધણી માટે હાથ ધરવામાં આવેલી વિશેષ ઝુંબેશને નોંધપાત્ર સફળતા મળી છે. આ ઝુંબેશના પરિણામે જિલ્લામાં કુલ ૧,૩૩,૧૨૯ નવા લાભાર્થીઓ પોષણ ટ્રેકર એપ્લિકેશનમાં નોંધાયા છે, જેમાં માત્ર ડિસેમ્બર માસ દરમિયાન ૪૦,૭૭૪ લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી છે.
જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ ઓગસ્ટ માસથી વંચિત લાભાર્થીઓની નોંધણી માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.આ ઝુંબેશના પરિણામે દાહોદ જિલ્લામાં આઈ.સી.ડી.એસ. યોજનાના કુલ લાભાર્થીઓની સંખ્યા એક લાખને પાર કરી ગઈ છે.
ઝુંબેશ અંતર્ગત દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારો, વસતા વંચિત પરિવારો સુધી પહોંચવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની ટેકો એપ્લિકેશન તથા ગ્રામ પંચાયતના જન્મ-મરણ રજીસ્ટરની વિગતોના આધારે શૂન્ય માસથી છ વર્ષના બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓમાંથી યોજનાથી વંચિત રહેલા લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી હતી.
જ્યાં નોંધણી કરવાપાત્ર વંચિત લાભાર્થીઓની સંખ્યા વધુ હતી તેવા લાભાર્થીઓનો આંગણવાડી કાર્યકરો અને મુખ્ય સેવિકાઓ દ્વારા રૂબરૂ સંપર્ક કરીને જરૂરી આધાર પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. જિલ્લામાં તમામ આઈ.સી.ડી.એસ.ઘટક કચેરીઓ હેઠળ એવા આંગણવાડી કેન્દ્રો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
આ ઉપરાંત, જેમના પાસે આધાર કાર્ડ ઉપલબ્ધ ન હતા, આધાર અપડેટ કરવાની જરૂર હતી, તેવા લાભાર્થીઓ માટે વિશેષ આધાર કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરા ચૌહાણ દ્વારા મોનીટરીંગ કરાયું હતું.

# પાદરા પાલિકા-પંચાયતની ચૂંટણી નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો

મકરસંક્રાંતિ પછી તરત ચૂંટણી જાહેર થાય તેવી હિલચાલ.

(પ્રતિનિધિ) પાદરા, તા.1
પાદરા તાલુકામાં પાલિકા અને પંચાયતોની ચૂંટણી નજીક આવી રહી છે. ચૂંટણીનું સમયપત્રક જાહેર કરવાનો અધિકાર રાજ્ય ચૂંટણી પંચનો છે. પરંતુ પાદરામાં ચૂંટણી સમયસર ફેબ્રુઆરીમાં થશે કે પછી મોડી થશે? તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ શકી નથી.
નવી તેમજ જુની - બન્ને મતદાર યાદી મુજબ ચૂંટણી યોજવાનો વિકલ્પ ખુલ્લો રાખવામાં આવ્યો છે. જો જુની મતદાર યાદી મુજબ ચૂંટણી યોજવામાં આવે તો સમયસર શક્ય છે, જ્યારે નવી મતદાર યાદી ૧૯ ફેબ્રુઆરીએ જાહેર થવાની હોવાથી તે મુજબ સમયસર ચૂંટણી યોજવી મુશ્કેલ બનશે. માર્ચ માસમાં બોર્ડની પરીક્ષાઓ તેમજ વિધાનસભા સત્ર હોવાથી ચૂંટણી પ્રક્રિયામાં વિલંબ થવાની સંભાવના છે. જો નવી મતદાર યાદી મુજબ ચૂંટણી યોજવાની હોય તો એપ્રિલ મહિના સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.
દિવાળી પછી કમોસમી વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિને કારણે પાદરા તાલુકાના ખેડૂત વર્ગમાં ભારે નારાજગી જોવા મળી હતી. તે ઉપરાંત રસ્તાઓની ખરાબ હાલત પણ સરકાર વિરુદ્ધ જઈ શકે તેમ હતી. જોકે હાલમાં આ બન્ને મુદ્દાઓમાં થોડી હળવાશ જોવા મળી છે. જેના કારણે ભાજપ માટે અગાઉની પ્રતિકૂળ પરિસ્થિતિમાં સુધારો આવ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.
આ પરિસ્થિતિમાં સરકાર પાદરામાં સમયસર ચૂંટણી થાય તેવી ઈચ્છા ધરાવતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કુમુહૂર્તા ૧૫ જાન્યુઆરીએ પૂર્ણ થયા બાદ તરત ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના સૂત્રો દર્શાવી રહ્યા છે.
પાદરા પાલિકા તથા પંચાયતોમાં ચૂંટાયેલી પાંખની મુદત પૂર્ણ થઈ ચૂક્યા બાદ વહીવટદાર નીમાશે. જો ચૂંટણી સમયસર યોજાય તો માર્ચના બીજા અઠવાડિયામાં નવી ચૂંટાયેલ પાંખ કાર્યભાર સંભાળે તેવી શક્યતા છે. હાલ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

## સાવલીમાં ખાડામાં સંતાડેલો દારૂ પકડાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.1
સાવલી નગરમાં આવેલ ભાદરવા ચોકડી વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ખાડામાં છુપાવેલો દારૂ પકડી પાડ્યો હતો.
સાવલી પોલીસ મથક ની હદમાં આવેલ ભાદરવા ચોકડી વિસ્તાર માં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડીને વિદેશી દારૂ નો જથ્થો ઝડપી પાડ્યો છે. યોગેશ અર્જુનભાઈ માળી રહે ભાદરવા ચોકડી સાવલી ના ઘરના વાડામાં છુપાવેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. એલસીબીની ટીમને આ દરોડામાં વિદેશી દારૂ ની અલગ અલગ બ્રાન્ડની 909 બોટલો ઝડપી પાડી છે. ખાડો ખોદી જમીનમાં છુપાવેલો વિદેશી દારૂની ૯૦૯ બોટલો રૂપિયા ૧,૯૫,૩૦૩ નો મુદ્દા માલ ઝડપીને સાવલી પોલીસ મથકને હવાલે કર્યો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન આરોપી મળી ના આવતા પોલીસે યોગેશ માળીને ફરાર જાહેર કરીને શોધખોળ શરૂ કરી છે જિલ્લા એલસીબીના દરોડાથી બૂટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# કાલોલમાં કરાડ નદીના પુલ પાસે સ્કુટર સ્લીપ થતાં મહિલાનું મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.1
હાલોલ કરીમ કોલોની ખાતે રહેતા મહેમુદ ભાઈ હકીમભાઈ તેઓની પત્ની સબાના બેન તથા સંબંધી જાબેરાબેન ઈરફાનભાઈ વાઘેલા સાથે કાલોલ તાલુકાના બોરુ ગામે જીયારત (બેસણા) માં હાજરી આપવા આવતા હતા તે સમયે મધવાસ ચોકડી નજીક કરાડ નદીના પુલ પર મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા ફરિયાદી તેની પત્ની અને સંબધી મહિલા ત્રણેય સ્કુટર પરથી રોડ ઉપર જમણી બાજુ નીચે પડી ગયેલ અને ફરિયાદી ને કપાળના ભાગે જમણી આંખ ઉપર તથા જમણા પગે ઢીંચણના ભાગે તથા શરીરે નાની મોટી ઈજાઓ થયેલ હતી તથા મે તેમની પત્ની સબાનાબેનને પગે તેમજ હાથના ભાગે વાગેલ હતુ તેમના સંબંધી જાબેરાબેન ઈરફાનભાઈ વાઘેલા ઉ.વ.૪૬ નાઓના નાકમાંથી લોહી નીકળતુ હતું અને રોડની સાઈડમા બેભાન હાલતમાં પડેલ હતા અને કઈ બોલતા ચાલતા ન હતા અને આજુબાજુના માણસોનું ટોળું ભેગુ થઈ ગયેલ હતું અને આ માણસોના ટોળામાંથી કોઈએ 108 ને ફોન કરેલ હોય, 108 મોબાઈલ આવી જતા તમામને 108 મા બેસાડી કાલોલ રેફરલ હોસ્પીટલ ખાતે દવા સારવાર માટે લઈને આવી દાખલ કરતા ફરજ પરના ડોક્ટર એ ફરિયાદી અને ફરિયાદીની પત્ની સબાનાબેન નાઓને પ્રાથમિક દવા સારવાર કરી ફરિયાદીની પત્નીને વધારે વાગેલ હોય જેથી વધુ દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ હતા, પરંતુ ફરિયાદી પત્ની સબાનાબેન નાઓને તેમનો છોકરો અસલામભાઈ નાઓ હાલોલ ખાતે એક્સરે કરાવવા લઈ ગયેલ જ્યારે ફરિયાદી ના સંબંધી જાબેરાબેન ઈરફાનભાઈ વાઘેલા (ઉ.વ.46, રહે. કરીમ કોલોની હાલોલ તા. હાલોલ જિ.પંચમહાલ) નાઓને કાલોલ સરકારી દવાખાના ફરજ પરના ડૉક્ટરએ તપાસી મરણ થયેલ હોવાનું જણાવેલ જે બાબતે કાલોલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

## પાદરા તાલુકાની પ્રા. શાળાના નવા ભવનનુ ખાતમુર્હૂત કરાયું



(પ્રતિનિધિ) પાદરા, તા.1
વિદ્યાર્થીઓને સુવિધાસભર અને ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણ મળી રહે તેવા શુભ હેતુ સાથે મુજપુર ખાતે અંદાજિત રૂ. 1.40 કરોડના ખર્ચે બનનાર મુજપુર રેલાઈપુરા પ્રાથમિક શાળા તેમજ અંદાજિત રૂ. 1.40 કરોડના ખર્ચે બનનાર મુજપુર આથમણાપૂરા પ્રાથમિક શાળાના નવા ભવનનું ખાતમુહૂર્ત પાદરા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ના હસ્તે કરવામાં આવ્યું હતું.
આ ખાતમુહૂર્ત પ્રસંગે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ સંગઠનોના હોદ્દેદારઓ, ગ્રામ્ય આગેવાનઓ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા શિક્ષણ ક્ષેત્રે આવા વિકાસ કાર્યોને ભવિષ્ય નિર્માણ માટે મહત્વપૂર્ણ ગણાવી વિદ્યાર્થીઓને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌએ શાળા ભવનના નિર્માણ કાર્ય સમયસર પૂર્ણ થાય અને ગામના બાળકોને આધુનિક તથા અનુકૂળ શૈક્ષણિક માહોલ મળી રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.